# 📝 ટેટ પરીક્ષા બાબતે આવેદનપત્ર:

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય : ટેટ પરીક્ષાની તારીખ લંબાવવા તથા કચ્છ જિલ્લામાં પરીક્ષા યોજવા વિનંતી

મહોદયશ્રી,
કચ્છ જિલ્લામાં તાજેતરમાં એસ.એસ.ઈ. અને પી.એસ.ઈ.ની પરીક્ષા સફળતાપૂર્વક યોજાઈ હતી જેમાં કુલ 5469 વિદ્યાર્થીઓએ કોઈ વિક્ષેપ વિના પરીક્ષા આપી હતી. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કરેલી સુવ્યવસ્થિત કાર્યવાહીએ સાબિત કર્યું છે કે કચ્છમાં મોટી રાજ્યસ્તરીય પરીક્ષાઓની ગોઠવણી માટે પુરતી વ્યવસ્થા, માનવીય સંસાધન અને વ્યવહારુ ક્ષમતા ઉપલબ્ધ છે.

હાલમાં ટેટ પરીક્ષાની જાહેરાતથી સંભવિત 21 ડિસેમ્બર સુધીનો સમયગાળો અત્યંત ટૂંકો છે, જેના કારણે ઉમેદવારો તથા તંત્રને પૂરતી તૈયારી કરવાની તક મળતી નથી. બીજી તરફ આગામી પંદર દિવસોમાં જ્ઞાન સહાયક દ્વારા બાકી રહેલી જગ્યાઓ ભરાઈ જવાની હોવાથી હાલના શૈક્ષણિક કાર્યમાં કોઈ વિક્ષેપ રહેવાનો પ્રશ્ન નથી.

જો ટેટની પરીક્ષા હજી બે મહિના પાછળ વધારીને લેવામાં આવે તો—
(1) વેકેશન દરમિયાન જિલ્લા બદલાઓ સરળતાથી થઈ શકે,
(2) ભરતી પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ શકે,
(3) નવા શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને પૂરતા સંખ્યામાં શિક્ષકો ઉપલબ્ધ થઈ શકે.

આથી વિનંતી છે કે ટેટ પરીક્ષાની તારીખ બે મહિના પાછળ લંબાવવા તથા શક્ય હોય તો પરીક્ષા કચ્છ જિલ્લામાં યોજવા માટે યોગ્ય નિર્ણય લેવા વિનંતી છે. અમે આશા રાખીએ છીએ કે સરકારશ્રી શિક્ષણના હિતમાં અને પરીક્ષાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને અમારી આ રજૂઆતને યોગ્ય રીતે સ્વીકારશે અને ટેટ પરીક્ષાની તારીખ લંબાવીને ભરતી પ્રક્રિયાનું યોગ્ય આયોજન કરશે.
આપની માનવંદના સાથે,

ભક્તિપૂર્વક,
વિદ્યાર્થીઓ અને વાલીઓ વતી,
*Titixa Thacker*
(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
(M.A. B.Ed., Assistant Professor, Sheth S. V. College, Mandvi - Kutch)
પ્રમુખ – રતાડીયા જલારામ સખી મંડળ, મુંદરા (કચ્છ)
તારીખ: ૩૦/૧૧/૨૦૨૫